ક્ષત્રિય ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચે છેડ્યું ગૌચર પરત અભિયાન

પાલનપુર ખાતે ગૌચર પરત અભિયાન અન્વયે જિલ્લા કલેકટરને આવેદનપત્ર

પ્રખર હિન્દુત્વવાદી અને કહેવાતી ગૌપ્રેમી ભાજપ સરકારના રાજમાં રાજયમાં ગૌચરની જમીનોનો દૂરપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, ઓબીસી એસસી, એસટી એકતા મંચ દ્વારા ગૌચર પરત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે બનાસકાંઠાના કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

ગૌપ્રેમી રાજ્યની ભાજપ સરકાર ના રાજમાં ગૌચરની જમીનો રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ અને માલેતુજારોને પાણીના મોલે પધરાવવામાં આવી રહી છે. જે જમીનો પરત લેવા માટે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, ઓબીસી એસસી, એસટી એકતા મંચ દ્વારા ગૌચર પરત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે બનાસકાંઠાના કાર્યકરો દ્વારા ગતરોજ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. જેમાં જણાવવામાં આવ્યું હતુ કે, રાજ્ય સરકાર ગૌચરની નિતી જાહેર કરે, ૨૭૫૪ ગામમાં ગૌચર જ નથી એનો જવાબ રાજ્ય સરકાર આપે, ૬૨૯ પાંજળાપોળમાંથી પાંચસો પાંજરાપોળ દેવાદાર છે. એના માટે જવાબદાર કોણ ? જીલ્લાવાર પાંજરાપોળમાં ગૌવંશ દિઠ રોજના પંદર કિલો ઘાસચારો આપવામાં આવે સહિતના મુદ્દે રજુઆત કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ ઘટતી કાર્યવાહી કરવા ની ખાત્રી આપી હતી. આવેદનપત્ર આપતી વખતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ ખજાનચી ચકાજી ઠાકોર, પ્રદેશ સંગઠન મંત્રી પ્રવિણજી ઠાકોર, બનાસકાંઠા જિલ્લા પ્રમુખ સ્વરૂપજી ઠાકોર, ઉપપ્રમુખ દેવાજી ઠાકોર, ભાભર પ્રમુખ રામજીજી ઠાકોર, ડી. ડી. જાલેરા, પાલનપુર તાલુકા પ્રમુખ પ્રવિણજી ઠાકોર, પાલનપુર શહેર પ્રમુખ સંજય ઠાકોર સહિત મોટી સંખ્યામાં ટીમના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા એસ ટી ડેપોમા પંખા અને ઠંડા પાણીની પરબ બંધ હાલતમાં

ખેડબ્રહ્મા શહેરમાં હાલ મા પ્રજા કાળજાળ ગરમી નો ભોગ બની રહી છે થોડા દિવસ પહેલા શહેર મા ગરમી ના કારણે એક વ્યક્તિ મોત થઈ ગયુ હતુ પણ હાલ ની સ્થિતિ એવી સર્જાઈ છે કે ખેડબ્રહ્મા એસ ટી ડેપો મા રોટરી કલ્બ સંચાલિત દ્વારા ૧૧/૮/૨૦૦૨ ના રોજ ઠંડા પાણી ની પરબ બનાવી એસ ટી ડેપો ને ભેટ આપી હતી પણ હાલ નળપણ લાગેલા નથી ભર ઉનાળે પરબ બંધ હાલતમાં છે લોકોને પોતાની તરસ છીપાવવા પાણી પીવા વેચાતુ લેવા નો વારો આવ્યોછે હાલમા ડેપોના પંખા પણબંધ હાલત મા જોવ મળી રહ્યાછે સત્વરે ઠંડા પાણી ની પરબ તેમજ પંખા ચાલુ કરવા મા આવે તેવી પ્રજાની માગ ઉઠવા પામી છે.

આજે લીંભોઈ શનિદેવ મંદિરે શનિજયંતિ ઉજવાશે

શ્રી શનૈશ્ચરી અમાવસ્યા નિમિત્તે ×શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવ એવમ્ શ્રી શનિદેવ મંદિર લિભોઈ (તા.મોડાસા) ખાતે શ્રી શનિદેવ મહારાજના મંદિરે શનિજયંતિ ઉમંગભેર ઉજવાશે. જેમાં એક વિશેષ અભિષેક પૂજાનો કાર્યક્રમ રાખેલ છે. મંદિરના પૂજારી મહારાજ ચિરાગ ભાઈએ જોષીના જણાવ્યાનુસાર આ મુજબ ધાર્મિક કાર્યક્રમ રાખેલ છે.

પાલનપુરના પીતાંબર મહેતાના માઢમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

પૂર્વ પોલીસની ટીમે મુદ્દામાલ સાથે આરોપીને દબોચી લીધો

પાલનપુર મોટીબજાર વિસ્તારમાં પીતાંબર મહેતાના માઢમાં તાજેતરમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં પૂર્વ પોલીસની ટીમને સફળતા મળી છે. જેમણે ચોરી થયેલા રૂપિયા ૩૧૫૦૦ના મુદ્દામાલ સાથે આરોપીને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુર ખાતે મોટી બજાર રોડ પર આવેલા પીતાંબર મહેતાના માઢમાં રહેતા સતીષભાઈ સોમાલાલ દેસાઈના મકાનમાં તાજેતરમાં ત્રાટકેલા તસ્કરે પર્સમાંથી રોકડ રૂપિયા ૨૨,૫૦૦, તેમની દીકરીના પર્સમાંથી રૂપિયા ૪૦૦૦ તેમજ એટીએમમાંથી રૂપિયા ૫૫૦૦ મળી કુલ રૂપિયા ૩૧,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી.

આ અંગે સતીષભાઈ દેસાઈએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરની સૂચનાથી ઈન્ચાર્જ પીઆઈ આર. કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ટી. જે. દેસાઈએ સ્ટાફના મોહનસિંહ, ભરતભાઈ સાથે તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપી પાલનપુરના મોટીબજાર વિસ્તારમાં પિતાંબર મહેતા માઢમાં રહેતા નયન ઘનશ્યામ ભાઈ પંચાલને ઝડપી લીધો હતો.

બળાત્કારના ગૂનામાં નાસતી ફરતી મહિલા સહિત બે આરોપી ઝડપાયા

ડીસા પોલીસ મથકમાં નોંધાયેલા બળાત્કારના ગૂનામાં એક વર્ષથી નાસતા- ફરતા બે આરોપીઓને પાલનપુર પેરોલ ફર્લોની ટીમે સોમવારે સતલાસણા તાલુકાના રાણપુર ગામેથી ઝડપી લીધા હતા.

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા નિરજકુમાર બડગુજરની સૂચનાથી પેરોલ ફર્લો પીએસઆઈ સી. પી. ચૌધરી સ્ટાફના કિરણસિંહ, ઐયુબખાન, પ્રવિણસિંહ, મહેન્દ્રસિંહ, શૈલેષકુમાર, રાજુભાઈ સાથે નાસતા- ફરતા આરોપીઓની તપાસમાં વડગામ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમીના આધારે ડીસા ઉત્તર પોલીસ મથકમાં નોંધાયેલા બળાત્કારના ગૂનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા પન્નાબેન લખમણભાઈ રાવળ અને મોંઘજીભાઈ ઉર્ફે ગણેશભાઈ રામજીભાઈ ચૌધરી (બંને રહે. રાણપુર, તા. સતલાસણા)ને તેમના ગામમાંથી ઝડપી લીધા હતા.

ખેડબ્રહ્મામાંથી બાઈક ચોરાયું

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના ગલોડિયા ગામના વિનોદભાઈ પટેલ તા.૧૧ મે ના રોજ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં બપોરના સમયે પોતાના કામે ગયા હતા અને થોડીવારમાં બહાર આવતા બાઈક ન.જી.જે.૯.સીએન૪૯૦૧ જ્યાં પાર્ક કર્યું હતું. ત્યાંના હોઈ આજુબાજુ તપાસ ન મળી આવતા તેમને અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ખેડબ્રહમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

ધનસુરાના સાભેરી ગામે તળાવ ઉંડુ કરવાની કામગીરી શરૂ કરાઈ

રાજ્યમાં જળ સંચય યોજના કરાઈ છે. આ હેઠળ ધનસુરાના સાભેરીનુ તળાવ ઉંડુ કરવા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ કાર્યને ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલે ખાતમુહૂર્ત કરી શરૂ કરાવ્યુ હતુ. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, ધનસુરા ભાજપના પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, મનહરભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, મનહરભાઈ પંચાલ, અનિલભાઈ પટેલ અને ભાજપના કાર્યકરો મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર ખાતે સુજલામ સુફલામ જળ સંચય અભિયાનની સમીક્ષા બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૧૪

તા. ૧ લી મે, ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વિરાટપાયે જળ સંચયના કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં અત્યાર સુધી બનાસકાંઠા જિલ્લામાં જળ સંચયના કેટલા કામો કરવામાં આવ્યા છે તેની સમીક્ષા બેઠક પાલનપુર, કલેકટર કચેરી ખાતે સિંચાઈ અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં મંત્રીએ વિવિધ કચેરીના અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરી ઉપયોગી માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

બેઠકમાં મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શનથી સમગ્ર રાજયમાં વિરાટ પાયે જળ સંચય અભિયાન ચાલી રહ્યું છે. આ કામોનું નિરીક્ષણ કરવા મુખ્યમંત્રી, મંત્રીઓ અને સચિવો સહિત ઉચ્ચ અધિકારીઓ ઉનાળાની ગરમીમાં ગામડાઓ ખુંદી રહ્યા છે. તેમણે કહ્યું કે જળસંચયના કામોમાં લોકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિભાવ મળે અને લોકો પાણીના મહત્વને સમજી આ અભિયાનમાં સામેલ થાય એ બહુ જરૂરી છે. તેમણે કહ્યું કે જનપ્રતિનિધિઓ પણ આ અભિયાનમાં સામેલ થાય અને કામો ઝડપથી પૂર્ણ થાય તે રીતે કામગીરી કરીએ. મંત્રીએ અધિકારીઓને જણાવ્યું કે જળસંચય માટે વિરાટ પાયે સરકાર દ્વારા હાથ ધરાયેલ આ અભિયાનમાં સૌને સામેલ કરી અભિયાનને વિક્રમજનક સફળ બનાવીએ.

માતાના સ્મરણોને સંભારતો મોડાસાના શામપુરનો અજીબ ગરીબ કિસ્સો

કુટુંબે તરછોડેલી વિધવા માતાનું વ્હાલસોયી દીકરીના લગ્નમંડપમાં ૧૮૧ અભયમ્ ટીમે મિલન કરાવ્યું

માતાએ દીકરીને અખંડ સૌભાગ્યના આશીર્વાદ આપી પિયર પરત ફરી

મોડાસા, તા. ૧૪

એક તરફ સમગ્ર વિશ્વ આજે માતાને યાદ કરતુ અને માતાના પ્રેમના સંસ્મરણોને સંભારતો મધર્સ ડે ઉજવે છે ત્યારે એક વિધવા માતા અને પુત્રીનુ મિલન પુત્રીના લગ્નના દીવસે લગ્ન મંડપમાં થયુ અને એ પણ મહીલા સુરક્ષાની ૧૮૧ અભયમ શાખાના સહારે. માતા એ પિતાના અકાળે થયેલા મોટ પછીના થોડા સમય બાદ બંને જુદા પડવાને લઈને માતા અને પુત્રી બંને એ બીજાથી દુર રહેતા હતા.

સમગ્ર વિશ્વ મે મહિનાના બીજા રવિવારે 'મધર્સ ડે'ની ઉજવણી કરતું હોય છે. પરંતુ મોડાસાના શામપુર ગામે આજે અજીબ ઓર ગરીબ કિસ્સો પ્રકાશમાં આવતા પરિવારના લોકોએ બે દીકરીની વિધવા માતાને સારીયાઓએ તરછોડી દીધી છે, આજના દિવસે મધર્સ ડે ની શુભેચ્છાઓ પાઠવતા હોય છે ત્યારે મોડાસાના શામપુર ગામે વિધવા માતાની વહાલસોયી દીકરીના શુભ મૂહરતમાં આજે લગ્ન થતા હોય અને માતાની હાજરી ન હોય એ કોઈનો દ્વેશ હોય શકે, પરંતુ અહીં લગ્નમાં દીકરીને આશીર્વાદ આપવાના મક્કમ નિર્ણય લઈ માતાએ અરવલ્લી જિલ્લા અભયમ ટીમનો સંપર્ક કરતા ૧૮૧ અભયમની ટીમ પહોંચી ગઈ હતી. કુટુંબના સભ્યોને સમજાવતા માતાનું પુત્રી સાથે મિલન કારવ્યુ હતું, દુલ્હન શનગારથી સજ્જ લાડકીને જોવાના માતાના ઓરતા એ ગામમાં લાગણી સભર વાતાવરણ સર્જ્યું હતું. માતા પુત્રીના મિલનથી લગ્ન મંડપમાં કરુણાના દ્રશ્યો સર્જાયા હતા, માતાના મક્કમ નિર્ધાર અને અભયમ ટીમે આજના માતૃત્વના પવિત્ર દિવસે સમાજમાં ચોક્કસ ઉદાહરણ પૂરું પાડી સમાજને સંદેશો પાઠવ્યો હતો. વ્હાલસોયી દીકરીને આશીર્વાદ અને વિદાય આપી માતા પછી પિયર પરત ફરી હતી.

દીકરીની માતા તારા બહેને જણાવ્યું હતું કે મારા સગાઓને પણ બોલાવેલ નહી અને ઉપરથી અહી લગ્નમાં આવવાનુ નહી એમ કહીને તે માટે પણ વિવાદનો અને કાઢી મુકવાનો ડર બતાવતા જે થી મે ૧૮૧નો સંપર્ક કરીને અહી લગ્નમાં આશિર્વાદ આપવા માટે આવી હતી કે જીવનમાં વિવાદ તો રહે પણ દીકરીઓના પ્રત્યે પ્રેમને લઈને અહી આવેલ છુ, કેટલાંક સમય અગાઉ વિધવા માતાને તેમના સાસરીયાઓના સાથે કૌટુંબીક વિવાદોને લઈને છુટા પડ્યા હતા અને ત્યાર બાદથી માતા પોતાના પિયરે ચાલ્યા જવા માટે મજબુર બન્યા હતા અને તેમની બંને દીકરીઓ મૃત પિતાના પરીવાર પાસે હતી. મૃત પિતાના સાસરીયાઓ એ જ્યારે બંને દીકરીઓ પૈકી એક દીકરીના લગ્નનુ આયોજન કર્યુ હતુ પરંતુ દીકરીના લગ્નમાં માતાને જ નિમંત્રણ નહોતુ પણ લગ્નનો દીવસ પણ યોગાનુયોગ જ મધર્સ ડેના દીવસે હતો. પરંતુ માતાના પોતાની દીકરીના લગ્નની જાણ થતા માતાને પણ હૃદયમાં ઈચ્છા થઈ આવી હતી કે પોતાની દીકરીના લગ્ન પ્રસંગે પોતે પણ આશિર્વાદ આપે પણ દીકરીના મૃત પિતાના પરીવારે લગ્નનુ આયોજન કરી વિધવા માતાથી દીકરી ના લગ્નમાં માતાને દુર રાખવા જાણ સુધ્ધા નહી કરી હોય અને પ્રસંગમાં વિવાદ કરી દુર કરી દેવાના ડરને લઈને આખીય વાત મહીલા સુરક્ષાની ૧૮૧ અભયમ શાખાને કરી અને આખરે અભયમ દ્વારા માતા અને પુત્રીનુ મિલન કરાવવા સાથે દીકરી આશિર્વાદ આપવા માટેની સગવડ અને સુરક્ષા કરી આપી અને આખરે મંડપમાં નવોઢા પુત્રી અને માતાના મિલનને લઈને હદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. ચેતના પટેલ, ૧૮૧ અભયમ, અરવલ્લી જણાવ્યું હતું કે આજે આ અંગે અમને જાણ વિધવા માતા એ કરી હતી કે પોતાની દીકરીના લગ્ન છે અને એ લગ્નમાં સાસરીયાઓએ હાજર પોતાને રહેવા નથી અને પોતાની દીકરીને આશિર્વાદ આપવા હોઈ જવુ છે પણ ડરને લઈને જઈ નથી શકાતુ જેથી અમે સાથે લઈને આવીને તેમની મનની ઈચ્છા પુરી કરી આપી છે. અભયમ શાખાએ મહીલાની સુરક્ષા જ નહી પણ માતા અને દીકરીના એક બીજા પ્રત્યેના પ્રેમના બંધનને પણ તુટવા નહી દેવા સમાન સુરક્ષા પુરી પાડીને મધર્સ ડે પર એવા સમાજને માતાનુ મહત્વ સમજાવ્યુ હતુ કે સંતાનો પણ માતાના પ્રેમને પામવા માટે કુદરતના કાયદાથી હકદાર પણ જરુર છે.

મેઘરજના પુજાપુર ગામની સીમમાં પાણીબારના યુવકની લટકતો મૃતદેહ મળતા ચકચાર

મેઘરજ, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના પાણીબારના ૧૮ વર્ષીય યુવકની પુજાપુરના સીમમાં મહુડાના ઝાડ પર લટકતી હાલતમાં લાશ મળતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પાણીબારનો સંજય મનુ તરાળ નામનો યુવક જે અમદાવાદ ખાતે લાઈટ ફિટીંગમાં મજુરી કામ કરતો હતો અને તે એકાદ માસથી તેના ઘરે પાણીબાર મુકામે આવેલ હતો. ગઈ તા.૧૨ મેના રોજ તેમના બનેવી ની બાઈક ઉપર બેસી તેની બહેન અને મૃતક સંજય બંને ભિલોડાના પાલ્લા ગામે બહેનનુ સગપણ કરેલ હોવાથી બહેનની સાસરીમાં ગયા હતા. અને બીજા દિવસે સંજયના બનેવી અને તેની બહેન બંને પાણીબાર આવ્યા હતા અને ઘરે આવી જણાવ્યુ હતુ કે સંજય અમદાવાદ જવ છુ કહી શામળાજીથી ખાનગી વાહનમાં અમદાવાદ જવા નીકળી ગયો છે અને સાંજના સાતેક વાગ્યાના અરસામાં ફોન આવ્યો હતો કે સંજયની લાશ પુજાપુરના સીમમાં એક ખેતરના શેઢા ઉપર આવેલ ઝાડ ઉપર લટકે છે જેથી તેના પિતા, પરિવારજનો અને ગામના લોકોએ ઘટના સ્થળ ઉપર જઈ તપાસ કરતા મહુડાના ઝાડ ઉપર સંજયની મૃત હાલતમાં લાશ લટકતી જોવા મળતા મૃતક સંજય ના પિતા મનુભાઈ જેમાભાઈ તરાળે ઈસરી પોલીસ મથકે ગુન્હો નોંધાવતા ઈસરી પોલીસે અગમ્ય કારણોસર મહુડાના ઝાડ ઉપર દોરડાથી ગળેફાંસો ખાઈ ગયેલ હોવાનો ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.